# સુરત મહાનગરપાલિકા
## જાહેરાત

ધી એપ્રેન્ટીસ એકટ ૧૯૬૧ હેઠળ સુરત મહાનગરપાલિકામાં નીચે જણાવેલ જુદા જુદા ટ્રેડોમાં આગામી ફેબ્રુઆરી/એપ્રિલ–૨૦૧૩ થી શરૂ થનાર સત્ર માટે નિયત ફોર્મમાં તારીખ ૨૮/૦૧/૨૦૧૩ સુધીમાં ઉમેદવારી અરજીઓ મંગાવવામાં આવે છે.

| અ.નં | ટ્રેડનું નામ | જગ્યાની સંખ્યા | લાયકાત | પ્રતિમાસ સ્ટાઈપેન્ડ |
|---|---|---|---|---|
| ૧ | ફીટર | ૦૮ | ધો.૧૦ પાસ<br>આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ | રૂા.૧૯૭૦/– |
| ૨ | વેલ્ડર | ૦૩ | | |
| ૩ | બુક બાઈન્ડર | ૦૨ | ધો.૧૦ પાસ<br>(સાયન્સ સાથે)<br>આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ | રૂા.૧૯૭૦/– |
| ૪ | ડ્રાફટસમેન (સીવીલ) | ૦૧ | | |
| ૫ | મોટર મીકેનીક (વ્હીકલ.) | ૦૭ | | |
| ૬ | કાર્પેન્ટર | ૦૫ | ધો.૧૦ પાસ<br>(સાયન્સ સાથે)<br>આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ | પ્રથમ વર્ષ રૂા.૧૭૦૦/–<br>દ્વિતીય વર્ષ રૂા.૧૯૭૦/– |
| ૭ | વાયરમેન | ૨૫ | ધો.૮ પાસ તથા<br>આઈ.ટી.આઈ.ટ્રેડ પાસ | રૂા.૧૯૭૦/– |

નિયત ફોર્મ મહાનગરપાલિકાના રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરતની કચેરીએથી તથા સુરત શહેરમાં આવેલ નાગરિક સુવિધા કેન્દ્ર ખાતેથી રજાના દિવસો સિવાય સવારનાં ૧૦–૩૦ થી ૨–૩૦ અને બપોરે ૩–૦૦ થી ૪–૩૦ વાગ્યા સુધીમાં રૂા.૨૫/– ની કિંમતે મળશે. ટપાલ મારફત અરજીફોર્મ મંગાવનારે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાનાં નામનો જ રૂા.૨૫/– નો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડર ૨૩ સે.મી. × ૧૦ સે.મી. સાઈઝનાં પોતાના સરનામાવાળા રૂા.૫/– ની ટપાલ ટીકીટ ચોંટાડેલ કવર સાથે મોકલવાનો રહેશે તે સિવાય તેમજ મુદત વિત્યાબાદ ટપાલથી મંગાવવાની માંગણી ઉપર અરજી ફોર્મ મોકલવામાં આવશે નહિ.

ભરાયેલ ફોર્મ નીચેનાં સરનામે નિયત સમય સુધી સ્વીકારવામાં આવશે / પહોંચાડવાના રહેશે.

**અરજી મોકલવાનું સરનામું :ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, (મધ્યસ્થ કચેરી)ની ઓફિસ**
**રૂમ નંબર ૭૫, પહેલા માળે, સુરત મહાનગરપાલિકા**
**મુગલીસરા,સુરત.**

**પી.આર.ઓ.નં.૫૬૨/૨૦૧૨–૧૩**
**મહાનગરપાલિકા,**
**સુરત. તા. ૦૪/૦૧/૨૦૧૩**

**સહી/–**
**ડે.કમિશ્નર**
**સુરત મહાનગરપાલિકા**

**સુરત મહાનગરપાલિકા,મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩ (ગુજરાત) ફેક્ષ:(૦૨૬૧)૨૪૨૨૧૧૦**
**www.suratmunicipal.gov.in વેબસાઈટ.**
**ફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૧–૫૬ એકસ.૨૬૦ અથવા ૨૩૧.**